# પ્રાંતિજના ધડકણ ખાતે હાર્દિક પટેલના લાંબા આયુષ્ય માટે સમૂહ આરતી યોજાઈ

## પાટીદાર સમાજની મહિલાઓએ મા ઉમિયાની આરતી ઉતારી

પ્રાંતિજ, તા. ૯
ખેડૂતોના દેવા માફી, અનામતની માંગ સાથે છેલ્લા ૧૫ દિવસથી ઉપવાસ ઉપર બેઠેલ હાર્દિક પટેલના સ્વાસ્થ્ય તથા તેના લાંબા આયુષ્યને લઈને સાબરકાંઠાના પ્રાંતિજના ધડકણ ખાતે પાટીદાર મહિલાઓ દ્વારા મા ઉમીયાની સમુહમાં આરતી ઉતારી હાર્દિક પટેલનું સ્વાસ્થ્ય અને આયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.



હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ આંદોલનને લઈને ગુજરાતભરમાં પાટીદાર સમાજના પાટીદોરો દ્વારા ઠેર ઠેરથી સમર્થન મળી રહ્યું છે ત્યારે ઉપવાસ આંદોલનના ૧૫ માં દિવસે પણ પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે પાટીદાર સમાજની મહિલાઓ દ્વારા પાટીદાર પુત્ર હાર્દિક પટેલના સ્વાસ્થ્ય અને તેના લાંબા આયુષ્ય માટે મા ઉમિયાની સમુહ આરતી ઉતારી હાર્દિક તુમ આગે બઢો... હમ તુમ્હારે સાથ હે, જય સરદાર, જય સરદારના નારા લગાવી મા ઉમિયાને પ્રાર્થના કરવામાં આવી હતી.

# અંબાજી પદયાત્રિકો માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાશે

## પ્લાસ્ટીક તથા વ્યસનમુક્ત અને સ્વચ્છતાપૂર્વક અંબાજી ભાદરવી મહામેળાની હર્ષભેર ઉજવણી કરવા મંત્રી વિભાવરીબેન દવેનો અનુરોધ

અંબાજી, તા. ૯
પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ અને યાત્રાધામ વિકાસ રાજયમંત્રી વિભાવરીબેન દવેના અધ્યક્ષસ્થાને પદયાત્રા સંઘોની બેઠક યોજાઈ હતી. જેમાં ભાદરવી મહામેળા પ્રસંગે દુરદુરથી પદયાત્રા કરીને અંબાજી આવતા સંઘોની વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમણે પદયાત્રા દ્વારા જયઅંબે... જયઅંબે... જયઘોષ સાથે અંબાજી માતાજીના દર્શનાર્થે આવતા યાત્રિકોની ભક્તિ અને શ્રધ્ધાને બિરદાવ્યા હતા. મંત્રીએ પદયાત્રા કરીને અંબાજી આવતા માઈભક્તો માટે તેમની યાત્રા સફળ બને તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ મેળા પ્રસંગે સંઘો માટે કરવામાં આવતી તમામ વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું કે પદયાત્રિકો માટે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ, વહીવટીતંત્ર ઉપરાંત સેવાભાવી



કેમ્પો દ્વારા રસ્તાઓ ઉપર અને અંબાજી મુકામે જરૂરી તમામ વ્યવસ્થાઓ સારી રીતે ગોઠવવામાં આવે છે. ભાદરવી મહામેળાને અનુલક્ષી રસ્તા, પાણી, વીજળી, આરોગ્ય, સુરક્ષા, પરિવહન, રહેવા અને જમવા, સ્વચ્છતા, સરળતાથી માતાજીના સરસ દર્શનની વ્યવસ્થા સહીત તમામ વ્યવસ્થાઓ સારી રીતે ગોઠવવામાં આવે છે તેમ મંત્રી શ્રીમતી દવેએ જણાવ્યું હતું.

મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ કહ્યું કે અંબાજી દર્શનાર્થે આવતા યાત્રિકોને કોઈપણ તકલીફ ન પડે તેની અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને વહીવટીતંત્ર દ્વારા પુરતી કાળજી રાખવામાં આવે છે. તેમણે કહ્યું કે ભાદરવી મહામેળો પ્લાસ્ટીક અને વ્યસનમુકત માહોલમાં ઉજવવાનો ગુજરાત સરકારાનો સંકલ્પ છે તે અનુસાર મેળાની હર્ષભેર ઉજવણી કરીએ. સ્વચ્છતા વિશે બોલતાં તેમણે કહ્યું કે પદયાત્રિકો રસ્તાઓ ઉપર અને અંબાજી ખાતે પાણી અને નાસ્તાના ખાલી પાઉચ અને પેકેટસ રસ્તામાં ગમે ત્યાં ન ફેંકી દેતાં સાથે રાખી તેનો યોગ્ય સ્થળે નિકાલ કરીએ.

મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ કહ્યું કે રસ્તાઓ ઉપર ૧૫ સ્થળોએ નહાવા તથા ટોઈલેટ માટે મોબાઈલ ટોઈલેટ, બાથરૂમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મુકવામાં આવશે. તેમણે કહ્યું કે પદયાત્રા કરીને આવતા સંઘો અગાઉથી સુદ્રઢ આયોજન કરે તેમજ રસ્તાઓ ઉપર અને અંબાજી મુકામે સરસ સ્વચ્છતા જાળવવા સહયોગ આપે તે બહુ જરૂરી છે. અંબાજી મંદિરમાં દર્શન માટે પદયાત્રા કરીને આવતા યાત્રિકો માટે રેલીંગની અલગ વ્યવસ્થા હોય છે આથી પદયાત્રિકોને લાંબો સમય લાઈનમાં ઉભા રહેવુ પડતુ નથી.

આ પ્રસંગે કલેકટર સંદીપ સાગલે, જીલ્લા વિકાસ અધિકારી બી.એ. શાહ, એસ.પી. પ્રદિપ સેજુલ, યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ કિરીટભાઈ અધ્વર્યુ, વહીવટદાર એસ.જે. ચાવડા, પદયાત્રા સંઘોના પ્રમુખ નવનીતભાઈ પટેલ તથા પ્રતિનિધીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા ૧૮૧ અભયમ્ ટીમે બે પરિવારોને વિખેરાતા બચાવાયા

## પાંચ માસુમ બાળકો જિંદગી દોજખ બનતી હાલ પૂરતી અટકી

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં અન્ય જીલ્લાની એક પરણિત મહિલા પ્રેમમાં ભાન ભૂલી તેના



પતિ અને ત્રણ બાળકોને નિરાધાર હાલતમાં છોડી પરણિત પ્રેમીના ત્યાં રહેવા આવી જતા યુવકે તેની પત્નીને ૨ બાળકો સાથે ઘરેથી કાઢી મુકતા મહિલા વ્યભિચારી પતિના વ્યવહારથી કંટાળી તેના પિયર ચાલી ગઈ હતી. છેલ્લા દસ દિવસથી પરણિત પ્રેમીના ત્યાં કબ્જો જમાવી બેઠેલી અન્ય જીલ્લાની મહિલાના પતિ અને સાસરિયાને જાણ થતા મોડાસા નજીકના ગામડામાં દોડી આવ્યા હતા અને મહિલાને સમજાવતા મહિલાએ ૧૮૧ અભયમ ટીમે ફોન કરી તેની સાસરીવાળા જબરજસ્તી અને બળજબરીપૂર્વક લઈ જતા હોવાનો કોલ મળતા ૧૮૧ અભયમ ટિમ વહેલી સવારે ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી સમગ્ર ઘટના સમજી ૩ બાળકો અને પતિને આવેલી મહિલાને સમજાવી તેના પિયરપક્ષના લોકો સાથે પરત મોકલાતા હાલ પૂરતા ૫ બાળકોની જિંદગી અને ૨ પરિવાર વિખેરાતા બચાવવામાં સફળતા મળી હતી.

અરવલ્લી જીલ્લા ૧૮૧ અભયમ ટીમને ગ્રામ્ય વિસ્તારમાંથી કોલ મળતા મહિલા કાઉન્સિલર ચેતના ચૌધરી અને મહિલા પોલીસ પીન્ટુબેન મકવાણા સાથે ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી મહિલાને મળતા મહિલા અગાઉ પરણિત હોવાની અને ત્રણ બાળકો તરછોડી અહીં પરણિત પ્રેમીના ઘરે રહેવા આવી હોવાની મહિલાના પતિ સાસરિયાવાળા અને પિયરપક્ષના લોકોને થતા ૨ જીપમાં મોટી સંખ્યામાં પહોંચી મહિલાને સમજવાનો પ્રયત્ન કરતા મહિલાએ ૧૮૧ અભયમ ટીમે કોલ કર્યો હોવાનું અને પરણિત પ્રેમીને પણ ૨ બાળક હોવા છતાં બાળકો સાથે તેની પત્નીને પિયર મોકલી દીધાની જાણ થતા મહિલા કાઉન્સિલરે અને મહિલા પોલીસે મહિલાને ૨ કલાક સમજાવી કાયદાકીય અને સામાજિક રિવાજોનું ભાન કરાવતા મહિલા તેના પિયર જવા આખરે રવાના થતા ૨ પરિવારો અને ૫ બાળકોની વેરવિખેર થતી જિંદગી બચાવવામાં સફળતા મળી હતી.




## ખેડબ્રહ્માના દેરોલ ગામે આવેલી હોસ્પિટલમાં ડોક્ટરની અછત

ખેડબ્રહ્મા શહેરથી નજીક આવેલા દેરોલ ગામ આવેલું છે જ્યાં સરકાર દ્વારા લાખો રુપિયા ખર્ચે હોસ્પિટલ બનાવી જે અંતરીયાળ વિસ્તારના લોકો માટે આર્શીવાદરુપ છે અહી ડોકટર ગોસ્વામી રેગ્યુલર ચાર્જમા છે પણ તેમને બ્લોક હેલ્થ ઓફિસરનો ચાર્જ મળતાં આ જગ્યા પર કોઈ મેડિકલ ઓફિસર રેગ્યુલર ન આવતા હોવાથી પ્રજાને હાલાકી ભોગવવાનો વારો છે. લાગતા વળગતા અધિકારી નોંધ લઈ ઘટતુ કરે તેવું ઈચ્છી રહી છે.

# હાર્દિક પટેલના સમર્થનમાં પાલનપુર પંથકના પાટીદારો

## ગઢ, વેડંચા, ભાવિસણા, સાગ્રોસણામાં યોજાયા વિવિધ કાર્યક્રમો : મહાઆરતી, રામધુન, મુંડન સહિતના કાર્યક્રમો યોજાયા

પાટીદાર નેતા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસ ને ૧૨ દિવસ થવા છતાં સરકારના પેટનું પાણી યે હલતું નથી. ત્યારે પાલનપુર પંથકના પાટીદારો પણ હવે હાર્દિકના સમર્થનમાં આવ્યા છે.

પાટીદાર નેતા હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને હવે રાજ્યભરમાંથી સમર્થન સાંપડી રહ્યું છે. ત્યારે પાલનપુર પંથકના ગ્રામ્ય વિસ્તારના પાટીદારો પણ હવે હરકતમાં આવ્યા છે. પાલનપુર તાલુકાના ગઢ, વેડંચા, ભાવિસણા અને સાગ્રોસણા ગામમાં હાર્દિક પટેલના સમર્થનમાં પાટીદારો આગળ આવ્યા છે. ક્યાંક હાર્દિકના સમર્થનમાં પાટીદાર યુવકોએ મુંડન કરાવ્યા છે. તો ક્યાંક મોટી સંખ્યામાં મહિલાઓએ થાળી વેલણ વગાડવા સહિત પાટીદારોએ રામધૂન બોલાવી હતી. તો વળી, ગત રાત્રે ગઢ ગામ મા મહા આરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર ભાઈ-બહેનો જોડાયા હતા. આમ, હવે ઠેરઠેર હાર્દિક પટેલને જન સમર્થન મળી રહ્યું છે.



## શ્રાવણી અમાસે શક્તિપીઠ અંબાજીમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ

શક્તિ, ભક્તિ અને આસ્થાનું બીજુ નામ એટલે શક્તિપીઠ અંબાજી. રવિવારે મા અંબાનું મંદિર ભક્તોથી ઉભરાયું હતુ. આજે રવિવાર હોઈ અંબાજી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ હતુ અને બોલ મારી અંબે જય જય અંબે ના નાદથી શક્તિપીઠ અંબાજીના માર્ગો ગુંજી ઉઠ્યા હતા. આજે શ્રાવણી અમાસે શક્તિપીઠ અંબાજીમા ખેડા, નડિયાદ અને આણંદ તરફના ભક્તોમાં અંબાના મંદિર આવી હવન કર્યો હતો અને બે દિવસ સુધી અંબાજી ધામમાં ભારે ભીડ જોવા મળી હતી. આજે અંબાજી મંદિરમાં વહેલી સવારથીજ ભક્તો અંબાજી માતાજીના દર્શન કરવા આવ્યા હતા. સવારે આરતીમા પણ ભારે ભીડ જોવા મળી હતી. આજે આખો મંદિર પરીસર ભક્તોથી ઉભરાયેલુ જોવા મળ્યુ હતુ. આજે બપોરે અંબાજી મંદિરના ગર્ભગૃહમાં પણ ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અંબાજી મંદિરમાં આજે વહેલી સવારથીજ વરસાદ શરુ હોવા છતા પણ ભક્તો મા અંબાના દર્શન કરવા આવ્યા હતા અને બોલ મારી અંબે જય જય અંબે થી મા નું મંદિર ભક્તિમય બની ગયુ હતુ. અંબાજી મંદિર ૩૫૮ સુવર્ણ કળશ ધરાવતુ ગોલ્ડન શક્તિપીઠ તરીકે ભારતભરમાં જાણીતું બન્યુ છે. અંબાજીધામમા ૧૯ સપ્ટેમ્બર થી ૨૫ સપ્ટેમ્બર સુધી ભાદરવી મહાકુંભ યોજાશે ત્યારે વહીવટીતંત્ર અને પોલીસતંત્ર તરફથી તમામ તૈયારીઓ પરીપૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે ભાદરવી ૨૦૧૮ મહામેળાની તમામ કામગીરીનું પ્રેઝન્ટેશન અંબાજી મંદિરના મિટિંગ હોલમા યાત્રાધામ મંત્રીના અધ્યક્ષસ્થાને મીડિયાને તમામ માહિતી ટ્રસ્ટના ચેરમેન અને વહીવટદાર તરફથી આપવામાં આવશે. આજે અંબાજી મંદિરમા ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતુ માઈ ભક્તોને કોઈ તકલીફ ન પડે તે માટે ટ્રસ્ટ તરફથી વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે અંદાજે ૧ લાખ કરતા વધુ માઈ ભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા. આજે અન્નકૂટ હોઈ મંદિર સવારે ૧૧.૩૦ ના બદલે ૧૦.૪૫ વાગે બંધ થઈ ગયુ હતુ અને બપોરે આરતી કરવામાં આવી હતી. આજે શક્તિપીઠ અંબાજીમાં વહેલી સવારથીજ વાદળછાયું વાતાવરણ હતુ.



## મોડાસાના શામપુર ગામે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લામાં મોડાસાના શામપુર ખાતે માતૃ પિતૃ વંદનાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માતાપિતાનું સ્વાગત કરાયું હતું અને તેમની આરતી ઉતારાઈ હતી ત્યારે ભાવુક દ્રષ્યો સર્જાયા હતા અને તેમાં સંતોના આશીર્વાદ પણ મળ્યા હતા. અરવલ્લી મોડાસાના શામપુર ગામે ગામના યુવાનો અને વિદ્યાર્થીઓ દ્વારા અનોખો માતૃ પિતૃ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. હાલની પરિસ્થિતિએ જોવા જઈએ તો સંતાનો પોતાના માતાપિતાની સેવા કરતાં નથી અને જેને કારણે વૃધ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે અને માબાપની હાલત ના કહેવાય અને ન સહેવાય તેવી થતી હોય છે. પરંતુ શામપુર ગામના યુવનોએ નવો ચીલો ચતારી માબાપની જાહેરમાં આરતી ઉતારી તેમની ભગવાનની જેમ પૂજા કરી હતી અને પોતાના માબાપના આશીર્વાદ મેળવ્યા હતા. જગતમાં અવતારનારનું ઋણ તો ઉતારી શકાતું નથી પરંતુ ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો. ગામના અબાલ વૃદ્ધ સોએ આનોખા કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે મોડાસાના ધારાસભ્ય રાજુભાઈ ઠાકોર તથા સંતો ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. કિરણરામ મહારાજ (ડાકોર ગુરુગાદિ)નિરાંત મહારાજ (મહેસાણા નિરાંત ગુરુગાદી) ડો. સંતોષ દેવકર ચંદ્રકાંતભાઈ સહિયોગ પમ્પ વિનોદભાઈ મેશરીયા નિવૃત માહિતી અધિકારી તથા આયોજકો હાજર રહ્યા હતા.

# બાલારામના મેળામાં જતા જીપને નડ્યો અકસ્માત : બે યુવકોના મોત

યાત્રાધામ બાલારામના મેળામાં જતી એક જીપને અકસ્માત નડ્યો હતો. જેમાં પલટી ખાઈ જતાં બે યુવકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જયારે ૧૭ જેટલા વ્યકિતઓને ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર તાલુકા પોલીસે જીપ ચાલક સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમીરગઢ તાલુકાના પેડચોળી ગામના કેટલાક યુવાનો જીપ નં. જીજે. ૨. બીઓ. ૩૪૭૯માં બાલારામ જઈ રહ્યા હતા. દરમિયાન વગદડી નજીક વળાંકમાં જીપ પલટી ગઈ હતી. જેમાં રાવજીભાઈ ગુલાબભાઈ ધ્રાંગી અને મહેન્દ્ર લાડુભાઈ આદિવાસીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતુ. જ્યારે ૧૭ વ્યકિતઓને ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પેડચોળી ગામના ગુલાબભાઈ સોનાભાઈ ધ્રાંગીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે જીપ ચાલક સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં શ્રાવણિયો જુગાર રમતાં ચાર જુગારીયા ઝડપાયા

પાલનપુર શહેરના માન સરોવર તળાવની પાળ પાસે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકીએ સ્ટાફ સાથે ઓચિંતી રેડ કરી હતી. જ્યાં જુગાર રમતાં પ્રકાશનગરમાં રહેતા અનિલકુમાર માધવલાલ શ્રીમાળી, દિપકભાઈ વેરસીભાઈ પંડ્યા, હિતેશકુમાર અશોકભાઈ શ્રીમાળી, ગણપતભાઈ હિરાભાઈ પરમારને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રકમ સહિત રૂપિયા ૧૯૩૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



## પ્રાંતિજના ગલતેશ્વર ખાતે લોકમેળો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે આઠસો વર્ષથી યોજાતો લોકમેળો દરવર્ષની જેમ પરમ પરાગત યોજાયો હતો જેમાં મોટું માનવ મેળામણ ઉમટી પડયું હતું. પ્રાંતિજથી સાત કિલોમીટર દૂર સાબરમતી નદી કાઠે ગલતેશ્વર ગામે ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દુરદુરથી લોકો મહાદેવના દર્શન કરવા આવે છે અને શ્રાવણના છેલ્લા દિવસે અમાસનો મેળો ભરાયો હતો. જેમાં ચકડોળ, ખાની-પીણી લારીઓ સહિત પાથરણાવાળા આકર્ષણું કેન્દ્ર બન્યા હતા અને મેળો માલવાની સાથે લોકોએ ભોળા શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને યંત્ર યુગમાં પણ જુની પરમપરાઓ આજે પણ જળવાઈ રહી છે અને દુરદુરથી મેળામાં માનવ મહેરામણ કિડીયાળાની જેમ જોવા મળ્યુ હતું ત્યારે મંદિરના વ્યવસ્થાપકો શંભુભાઈ રાવલ, રાકેશભાઈ જોશી, કનકભાઈ વ્યાસ, રૂપેશભાઈ ત્રિવેદી, પરાગભાઈ ત્રિવેદી દ્વારા મંદિરમાં દર્શન માટે આવેલ ભકતોને દર્શન સારી રીતે થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી અને પ્રાંતિજ પી.આઈ કે.બી. પટેલ દ્વારા મેળામાં કોઈ અનિશ્ચિત બનાવ ન બને તે માટે પણ પોલીસ વ્યવસ્થા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.